# ખેડૂતને માર્કેટની અંદર કે બહાર કયાંય એમએસપી મળતી નથી : કિસાનસંઘ

**ખેડૂતોને એમએસપી મૂલ્ય મળી રહે તે માટે કેન્દ્ર રાજયો સાથે મળીને નકકર નીતિ બનાવે : ત્રણેય કિસાન કાયદા અંગે ગેરસમજ દૂર કરવા કિસાનસંઘ પ્રજાસત્તાક દિનથી અભિયાન ચલાવશે : ખેડૂતોને ન્યાય માટે અલગ કિસાન ન્યાયાલયની રચના કરવા માંગ**

ગાંધીનગર, તા.૮

ભારત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણેય કિસાન કાયદા ખેડૂતોના હિતમાં છે અને તે કોઈ પણ સંજોગોમાં પાછા ખેંચાવા જોઈએ નહિ, જો કાયદા



પાછા ખેંચાશે તો ભારતીય કિસાનસંઘ આંદોલન કરશે તેવું આજે ગાંધીનગરમાં સે-૧૨ ખાતેના બલરામ ભવને કિસાનસંઘના રાષ્ટ્રીય મંત્રી મોહિની મોહન મિશ્રાએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું. આ સાથે તેમણે માર્કેટયાર્ડમાં અંદર કે બહાર કયાંય પણ એમએસપી મુજબ ખેડૂતોને તેમના પાકનું મૂલ્ય મળતું નથી તેનો પણ સ્વીકાર કરતા કેન્દ્ર અને રાજય સરકારોએ આ બાબતે સાથે મળીને એક ચોકકસ નીતિ ઘડવી જોઈએ તેવું કહેતા ખેડૂતો માટે અલગ જ કિસાન ન્યાયાલયની રચના કરવા માંગ કરી હતી.

મોહિની મિશ્રાએ જણાવ્યું હતું કે માર્કેટમાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ હજુ પણ ચુકવાતા નથી અને માર્કેટ બહાર પણ ચુકવાતા નથી તેથી આ માટે રાજય સરકારો સાથે મળીને કેન્દ્ર એ નકકર કાયદો ઘડવાની જરૂર છે. અત્યારે દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં ખેડૂતોને ત્રણેય કાયદા અંગે ભ્રમિત કરવામાં આવી રહ્યા હોવાનું કહેતા તેમણે આગામી તા. ૨૬મી જાન્યુઆરીથી દેશભરમાં કિસાન બિલ અંગે સાચી સમજણ આપવા માટેનું અભિયાન ચલાવાશે તેવું સંઘની ગત તા. ૧ થી ૩ જાન્યુઆરી દરમયાન બેંગલુરૂ ખાતે મળેલી પ્રતિનિધી સભામાં નક્કી કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ સાથે કિસાનસંઘ હંમેશા ખેડૂતોના હિતમાં કાર્યરત હોવાનો દાવો કરવા સાથે કિસાન સંઘ ટીવીમાં આવવા હોબાળો કરતું નથી તેવું ઉપસ્થિત કિસાનસંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સ્થાનિક ખેડૂત અગ્રણી અંબુભાઈ પટેલે કટાક્ષમાં કહ્યું હતું.

ભારતીય કિસાન સંઘ દ્વારા સંગઠનને મજબૂત બનાવવા ગ્રામ્ય કક્ષાએ અભિયાન ચલાવી સંઘની તાલુકા જિલ્લા કક્ષાની સમિતીઓનું પુર્નગઠન કરશે. મોહિની મિશ્રાએ જણાવ્યું હતું કે સરકારે જે ત્રણ ખેડૂત કાયદા બનાવ્યા છે તેમાં દેશના તમામ રાજયોના નાના-મોટા ખેડૂતો જેમાં અનાજ, શાકભાજી, તેલીબિયાં, ફળફળાદિ, દૂધ ઉત્પાદન, મત્સ્ય વગેરે તમામ પ્રકારના ખેડૂતોના હિતમાં હોવાથી માત્ર પંજાબ-હરિયાણાના કેટલાંક ખેડૂતોની માંગણીના આધારે તે પરત ખેંચાવા ના જોઈએ. તેમણે દેશમાં ગૌ હત્યા કાયદાનો અમલ યોગ્ય રીતે થતો ના હોવાનું જણાવતા વનવાસી ખેડૂતો માટે યોગ્ય ચેઈન બનાવી તેમના ઉત્પાદનોને પણ ઉચું વળતર મળે તે માટે સરકારે પ્રયાસ કરવા જરૂરી છે તેવું જણાવ્યું હતું. આ સાથે તેમણે ખેડૂત અને કોન્ટ્રાકટર વચ્ચે કોઈ વિવાદ થાય કે ખેડૂત સાથે દગો કે છેતરપિંડી થાય તો તેને ન્યાય મળે તે માટે અલગથી કિસાન ન્યાયાલયનું ગઠન કરવા માંગ કરી હતી.

## ખૂણેખાંચરેથી

- રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે બર્ડફ્લુને લઈ પશુપાલન વિભાગ અને આરોગ્ય અધિકારીઓની સંયુક્ત વિડીયો કોન્ફરન્સ યોજી હતી. આ વિડીયો કોન્ફરન્સમાં ડ્રાય રન ટેસ્ટનો ફીડ બેક પણ મેળવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલે આજે વિકાસના કામોને લઈ તાલુકા વિકાસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન કરૂણા અભિયાનના આયોજનની બેઠકમાં બર્ડફ્લુને લઈ પણ ચર્ચાઓ કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ રહ્યો છે આજે પણ ૨૦ થી ઓછા કેસ નોંધાયા છે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંગે સરકારી બેંકો સાથે એમ.ઓ.યુ. કરવાને લઈ આજે મનપાના નાયબ મ્યુનિ. કમિશનર દવેએ બેઠક યોજી હતી. ૭ થી વધુ પ્રતિનિધિઓ બેંકોના હાજર રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં બે દિવસની રજા હોવાથી આજે ટ્રાફિક પણ ઓછો જોવા મળતો હતો.
- સે. ૨૨ માં રોડ પહોળો કરવાની ચાલી રહેલી કામગીરીમાં સાઈટના થાંભલાઓ વચ્ચે આવી રહ્યા હોવાથી પંચદેવ મંદિરથી મનપાની વોર્ડ કચેરી સુધીની સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી લોકોને ભારે હાલાકી પડી રહી છે.

# કેન્દ્ર સરકારના હૈયે ખેડૂતોનું નહિ કંપનીઓના હિત સમાયેલા છે : ચાવડા

કેન્દ્ર સરકારને ખેડૂતોના હિતમાં નિર્ણયો કરવાને બદલે ખાનગી કંપનીઓને ફાયદો વધુ થાય તેમાં વધુ રસ હોવાનો આક્ષેપ આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ માણસા ખાતે ખેડૂત અધિકાર સંમેલનને સંબોધન કરતાં કર્યો હતો.

કોંગ્રેસ પક્ષ પ્રથમથી જ કાયદાઓનો સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોના માધ્યમથી વિરોધ નોંધાવી રહ્યો છે. જેના ભાગરૂપે આજરોજ તા. ૮-૧-૨૦૨૧ના રોજ માણસા ખાતે પ્રદેશ પ્રભારી રાજીવ સાતવાજી તથા પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાની આગેવાનીમાં "ખેડૂત અધિકાર સંમેલન" યોજાયું હતું. સંમેલનને સંબોધતા પ્રદેશ પ્રભારી રાજીવ સાતવે આંદોલનને તેજ બનાવી સમગ્ર ગુજરાતના જન-જન સુધી લઈ જવાની ઉપસ્થિત ખેડૂતોને હાકલ કરી કાળા કાયદા પાછા લેવાની માંગ કરી હતી. પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ સંમેલનને સંબોધતા કહ્યું હતું કે રીલાયન્સ જીઓએ શરૂઆતમાં મોબાઈલ ગ્રાહકોને મફતમાં નેટ સેવાઓ આપી ગ્રાહકોને અંતમાં લૂંટવાનું ચાલુ કર્યું તેવી જ રીતે કાળા કાનુનોના માધ્યમથી સ્થપાનારી એ.પી.એમ.સી શરૂઆતમાં ખેડૂતોને તેમની ઉપજના ભાવો થોડા વધારે આપી અંતમાં ખેડૂતોની જણસ એમના પાસેથી પાણીના મૂલે ખરીદશે તેવો કારસો રચી ખેડૂતોને પાયમાલ કરવા તરફ આ સરકાર લઈ જઈ રહી છે. સંમેલનમાં પ્રદેશ પ્રભારી રાજીવ સાતવાજી, પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, પૂર્વ વિપક્ષ નેતા નરેશભાઈ રાવલ, જિ.કો. પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ નિરીક્ષક સર્વ મહેન્દ્રસિંહ બારૈયા, વંદનાબેન પટેલ, મંદાકિનીબેન પટેલ, ધારાસભ્ય સર્વ સુરેશભાઈ પટેલ, બળદેવજી ઠાકોર, ડો.સી.જે. ચાવડા, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, પ્રદેશ યૂથ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ માનસિંહ ડોડીયા, તાલુકા પ્રમુખ ગીરવતસિંહ ચાવડા, શહેર પ્રમુખ ડો.પંકજભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્યો સર્વ નાથાજી મકવાણા, ભાવિનસિંહ ઠાકોર, એસ.વી. ચૌધરી, આશાબેન રાઠોડ, ગીતાબેન પટેલ, કિર્તિબેન પટેલ સહિત તાલુકા-જિલ્લાના ખેડૂત આગેવાનો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, ઓનલાઈન એજ્યુકેશનનાં કારણે પોર્ન ફિલ્મ જોતાં 'વિદ્યાર્થી'ની ટકાવારી આવી ગઈ છે... હવે... બીજાની પણ કાઢી લઈશું ??**



## ગાંધીનગર યુથ કોંગ્રેસ દ્વારા રોજગાર યાત્રા

રાજયમાં લાખો યુવાનો બેકાર બેઠા છે. છતા આ આંધળી સરકાર યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ નીવડી છે. છેલ્લા કેટલાક સમયથી ભરતીઓ કરવામાં આવી નથી. ત્યારે આજે ગાંધીનગર ખાતે યુથ કોંગ્રેસ દ્વારા રોજગાર યાત્રા નીકાળી યુવાનોનો છે, અધિકાર સરકાર આપે રોજગાર..ના સુત્રોચ્ચાર કર્યા હતા.યુવાનોને રોજગાર આપવા માટે અને તાત્કાલીક ભરતીઓની જાહેરાત કરવામાં આવે એના માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત, ગાંધીનગર મનપાના કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ, ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ શકિતભાઈ પટેલ, શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા સહિત મોટીસંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


